# જશ્નેમાં સ્ટુડન્ટ્સે માણી મ્યુઝિક, ડ્રામા અને ગેમ્સની મજા



● IIT-GN ની આ ઇવેન્ટમાં સ્ટુડન્ટ્સે નાટક દ્વારા સાંપ્રત સમસ્યાઓને વાચા આપીઃ સાપસિડીની રમત એન્જોય કરી



**અમદાવાદ : ૭ જાન્યુઆરી ૨૦૧૪**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી- ગાંધીનગર દ્વારા ઇન્સ્ટિટ્યુટના સ્ટુડન્ટ્સ વચ્ચે ફ્રેન્ડશિપ વધે અને અલગ અલગ ડિપાર્ટમેન્ટના સ્ટુડન્ટ્સ વચ્ચે ઇન્ટરેક્શન વધે તે માટે દર વર્ષે ખાસ 'જશ્ને' ઇવેન્ટનું આયોજન કરવામાં આવે છે. આ ઇવેન્ટની ખાસ વાત એ છે કે આ ઇવેન્ટ દિવસ અને રાત ચાલે છે. જેથી સ્ટુડન્ટ્સને તેમનાં ક્લાસમાં પણ અડચણ ન થાય. સોમવાર સુધી ચાલેલી આ ઇવેન્ટમાં મ્યુઝિક, ડાન્સ, ડ્રામા અને ગેમ જેવી અલગ અલગ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે ડાન્સ કોમ્પિટિશન માટે સ્ટુડન્ટ્સ નવાં અને જૂના સોંગ્સને મિક્સ કરીને બનાવેલાં ફ્યૂઝનને વધારે પસંદ કરી રહ્યાં છે. ડ્રામામાં સમાજમાં બની રહેલા સાંપ્રત મુદ્દા તરફ સમાજનું ધ્યાન દોરવા પ્રયત્ન કર્યો હતો